| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૪/૦૯/૨૦૨૩ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૭૭/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૩૦૭ લીટર દેશી દારૂ, ૨૧૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૮૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨૦ બિયર ટીન, ૧ છોટા હાથી અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૯૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૭૮/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૫૭૯/૨૦૨૩**

**વેજલપુરઃ** નાહિદાબહેન વા/ઓ અનિશભાઇ ધનાણી (રહે.રસુલાપાર્ક સોસાયટી જુહાપુરા પોસ્ટ ઓફિસ સામે મોહમદી હોટલ પાછળ જુહાપુરા) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૯/૨૦૨૩ કલાક ૮/૦૦ થી તા.૨૩/૦૯/૨૦૨૩ કલાક ૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકનના દરવાજાની લોખંડની જાળીનું તાળું/નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરી તથા સ્ટોરરૂમમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિય ૧૯,૨૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. અ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.બી.રાજવી ચલવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી